પરદેશ પાર્સલસેવા
www.chipsairexp.com
CHIPS Express
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૩૦ | ૧૯ જુલાઈ, ૨૦૧૮, ગુરૂવાર; અષાઢ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ માટે ટીમ જાહેર

ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ઓગષ્ટથી શરૂ થઈ રહેલી ટેસ્ટ સીરીઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. પ્રથમ ત્રણ ટેસ્ટ માટે ટીમમાં વિકેટકીપર બેટ્સમેન રિષભ પંત અને ફાસ્ટ બોલર શાર્દૂલ ઠાકુરને સામેલ કરવામાં આવ્યા છે.

### અગસ્તા હેલીકોપ્ટર કૌભાંડ મામલે પૂરક ચાર્જશીટ

અગસ્તા વેસ્ટલેન્ડ વીવીઆઈપી હેલીકોપ્ટર ઘોટાળા મામલે ઈડીએ પૂરક ચાર્જશીટ દાખલ કરી છે. જેમાં એરફોર્સના પૂર્વ પ્રમુખ એસ.પી. ત્યાગી સહિત અન્યોને આરોપીઓ બનાવાયા છે.

### ૧૦૦ની નવી નોટ ટૂંક સમયમાં

ભારતીય રિઝર્વ બેંક ૧૦૦ રૂ.ની નોટમાં મોટો ફેરફાર કરી રહી છે. આગામી મહિને આ નોટ બહાર પડશે. આ નોટની સાઈઝ નાની થઈ જશે અને તેનો રંગ જાંબલી હશે. તેનુ પ્રિન્ટીંગ પણ શરૂ થઈ ચુક્યુ છે.

### ગુરૂ ગ્રહના નવા ૧૨ ઉપગ્રહોની શોધ

વૈજ્ઞાનિકોએ ગુરૂ ગ્રહની પરિક્રમા કરી રહેલા ૧૨ નવા ચંદ્ર એટલે કે ઉપગ્રહની શોધ કરી છે. આ સાથે સૌર મંડળના સૌથી મોટા ગ્રહના ઉપગ્રહોની સંખ્યા ૭૯ થઈ ગઈ છે.

# મોદી સરકારની સામે અવિશ્વાસ દરખાસ્ત

## સંસદના મોનસુન સત્રની ધારણા પ્રમાણે જ તોફાની શરૂઆત : ટીડીપી અને કોંગ્રેસ સહિતના પક્ષોની દરખાસ્તને લોકસભા સ્પીકર સુમિત્રા મહાજને સ્વીકારી લીધા બાદ શુક્રવારે દરખાસ્ત પર ચર્ચા અને વોટિંગ કરાશે

નવી દિલ્હી,તા. ૧૮

સંસદનું મોનસુન સત્ર આજે શરૂ થયું હતું અને પ્રથમ દિવસે જ લોકસભા અધ્યક્ષ સુમિત્રા મહાજને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર સામે અવિશ્વાસની દરખાસ્તને સ્વીકારી લીધી હતી. ૧૫ વર્ષમાં પ્રથમ વખત સરકાર સામે અવિશ્વાસ દરખાસ્ત લાવવામાં આવી છે. કોંગ્રેસ, તેલુગુદેશમ પાર્ટી અને શરદ પવારના નેતૃત્વમાં એનસીપી દ્વારા લાવવામાં આવેલી આ દરખાસ્તને લોકસભા અધ્યક્ષ સુમિત્રા મહાજને સ્વીકારી લીધી હતી. આના ઉપર હવે શુક્રવારના દિવસે ચર્ચા કરવામાં આવશે અને મતદાન પણ હાથ ધરવામાં આવશે. દરખાસ્તને સ્વીકારી લેવામાં આવ્યા બાદ ચર્ચાઓનો દોર ચાલી રહ્યો છે. પ્રશ્ન કલાકની કામગીરી પુરી થવાની સાથે જ ટીડીપીએ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી હતી. પ્રસ્તાવ ઉપર સંસદીય બાબતોના મંત્રી અનંતકુમારે કહ્યું હતું કે, અમે આના પર ચર્ચા માટે તૈયાર છે. લોકસભામાં શુક્રવારના દિવસે ચર્ચા થશે. મોદી સરકારની સામે આ પ્રથમ અવિશ્વાસ દરખાસ્ત છે. અલબત્ત નંબર ગેમના મામલામાં કોઈ તકલીફ નથી અને એનડીએ સરકાર સામે કોઈ સંકટ પણ નથી. એનડીએની પાસે લોકસભાના ૩૧૨ સભ્યો છે. ટીડીપીના કે શ્રીનિવાસે સરકાર સામે અવિશ્વાસ દરખાસ્ત રજૂ કરી હતી. અવિશ્વાસ પ્રસ્તાવને મંજુરી આપી દેવામાં આવી છે. ટીડીપી દ્વારા આંધ્રપ્રદેશને ખાસ દરજ્જો આપવાની માંગ કરવામાં આવી ચુકી છે. શ્રીનિવાસે ઝીરો અવર્સમાં પ્રસ્તાવ રજૂ કર્યો હતો.



# મોદી સરકાર પર કોઈ સંકટ નથી

## એનડીએ પાસે હાલમાં કુલ ૩૧૦ સીટો છે

સંસદનું મોનસુન સત્ર આજે શરૂ થયું હતું. મોનસુન સત્ર શરૂ થવાની સાથે જ ધાંધલ ધમાલની શરૂઆત થઈ હતી. આજે પ્રથમ દિવસે વિપક્ષ દ્વારા સરકારની સામે લોકસભામાં મુકવામાં આવેલી અવિશ્વાસની દરખાસ્તને સ્પીકર સુમિત્રા મહાજને સ્વીકારી લીધા બાદ આના ઉપર શુક્રવારે ચર્ચા થશે અને મતદાન થશે. સંસદનું મોનસુન સત્ર હંગામેદાર થવાની શક્યતા દેખાઈ રહી છે. અવિશ્વાસ દરખાસ્ત સ્વીકારી લેવામાં આવ્યા બાદ મોદી સરકાર ઉપર કોઈ સંકટ નથી. કારણ કે તેની પાસે મજબૂત આંકડા રહેલા છે. મોદી સરકારની પાસે એનડીએના તમામ સાથીઓના મળીને લોકસભામાં ૩૧૦ સાંસદ છે. આવી સ્થિતિમાં અવિશ્વાસ દરખાસ્તને માત્ર સરકારની સામે સાંકેતિક વિરોધ તરીકે જ ગણવામાં આવશે. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પહેલા વિપક્ષ સરકારને ઘેરવાના પ્રયાસમાં છે. આંકડાકીય રીતે જોવામાં આવે તો ભાજપ પાસે હાલમાં ૨૭૩ સભ્યો પોતાના છે. તેની પાસે એકલા હાથે બહુમતિ છે. ૨૦૧૪ના આંકડા ઉપર નજર કરવામાં આવે તો તે વખતે ભાજપ પાસે પોતાની ૨૮૨ અને અન્યોને મળી ૩૩૭ સીટો હતી પરંતુ હવે તેની સીટોની સંખ્યા ઘટીને ૩૧૦ થઈ છે. ટીડીપીના સભ્યો તેની સાથેથી નિકળી ચુક્યા છે. ટીડીપીના ૧૬ સભ્યો હતા. લોકસભા ચૂંટણી વેળા ટીડીપીના સભ્યો તેની સાથે હોવાથી સ્થિતિ વધારે મજબૂત હતી. બુધવારના દિવસે સમાજવાદી પાર્ટી અને તેલુગુદેશમ પાર્ટીના સાંસદોએ લોકસભામાં મોબ લિચિંગની વધતી ઘટનાઓ અને આંધ્રપ્રદેશ માટે સ્પેશિયલ સ્ટેટસની માંગ કરીને અનેક મુદ્દાઓ ઉપર રજૂઆત કરી હતી. આ ગાળા દરમિયાન કોંગ્રેસના સાંસદ જ્યોતિરાદિત્ય સિંધિયાએ કહ્યું હતું કે જે સરકાર ખેડૂતોને આત્મહત્યા કરવા માટે મજબૂર કરી રહી છે જે સરકારમાં દરરોજ મહિલાઓ પર બળાત્કારની ઘટનાઓ થઈ રહી છે તે સરકાર સામે અમે અવિશ્વાસની દરખાસ્ત લાવી રહ્યા છીએ.

# ‘આયુષ્યમાન’ના ૧૧ કરોડ કાર્ડ વહેંચાશે

નવી દિલ્હી,તા. ૧૮

આયુષ્યમાન ભાર સ્કીમ માટે સરકાર આશરે ૧૧ કરોડ ફેમિલી કાર્ડ છાપવાની યોજના ધરાવે છે અને આ ફેમિલી કાર્ડને લોકોના હાથોહાથ પહોંચાડવામાં આવશે. સરકાર ગ્રામિણ વિસ્તારોમાં આયુષ્યમાન પખવાડિયાનું આયોજન કરશે. આ ગાળા દરમિયાન તેમને કાર્ડ આપવામાં આવશે. સરકાર દિલ્હીમાં ૨૪ કલાક માટેના સેન્ટર બનાવશે જયાં આ મેડિકલ ઈન્સ્યોરન્સ સ્કીમ સાથે જોડાયેલી લોકોની ફરિયાદ સાંભળવામાં આવશે અને પ્રશ્નોના જવાબ આપવામાં આવશે. આયુષ્યમાન ભારત-નેશનલ હેલ્થ પ્રોટેક્શન સ્કીમના સીઈઓ ઈન્દુ ભૂષણનું કહેવું છે કે, સરકારની આ યોજના આયુષ્યમાન ભારત માટે તમામ તૈયારીઓ ૧૫મી ઓગસ્ટ સુધી કરી લેવામાં આવશે. અલબત્ત આની લોંચ કરવાની તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી પરંતુ ફેમિલી કાર્ડ ઉપર આ સ્કીમના લાયક સભ્યોના નામ રહેશે. કાર્ડ સાથે જોડાયેલી દરેક વ્યક્તિના નામવાળી વ્યક્તિને એક પત્ર આપવામાં આવશે જેમાં આયુષ્યમાન ભારત સ્કીમની વિશેષતાઓ અંગે માહિતી આપવામાં આવશે. ભુષણનું કહેવું છે કે, સરકારે ગ્રામીણ વિસ્તારોમાં ૮૦ ટકા લાભાર્થી અને શહેરી ક્ષેત્રોમાં ૬૦ ટકા લાભાર્થીઓની પસંદગી આ કાર્ડ માટે કરવામાં આવી ચુકી છે. એક નેશનલ ટોલ ફ્રી નંબરથી કોલ સેન્ટરથી સંપર્ક કરવામાં આવતા આ સેન્ટરથી નાગરિકોના ઈ-મેઈલ અને ઓનલાઈન ચેટના જવાબ આપવામાં આવશે. બંને પ્રોજેક્ટ માટે સર્વિસ પ્રોવાઈડર્સની પસંદગી આગામી મહિના સુધી કરી લેવામાં આવશે. ભુષણનું કહેવું છે કે, આ કાર્ડ આઈડેન્ટીફિકેશન પ્રોસેસને સરળ બનાવવા માટે એક રસ્તા તરીકે છે પરંતુ ઓળખના બીજા દસ્તાવેજોની જરૂર પણ સંબંધિત વ્યક્તિની માહિતીને પ્રમાણિક કરવા માટે ધ્યાનમાં લેવામાં આવશે. આયુષ્યમાન ભારત માટે લાયક છે કે કેમ તેની ખાતરી કરવામાં આવશે. બિડ ડોક્યુમેન્ટ મુજબ એવો અંદાજ છે કે, આશરે ૫ લાખ લેટર જારી કરવાની ગતિથી બે વર્ષની અંદર ૧૦.૭૪ કરોડ ઈન્ફોર્મેશન લેટરો અને ફેમિલી કાર્ડ છપાવવામાં આવશે અને વિતરિત કરવામાં આવશે.

# ગ્રેટર નોઈડામાં નિર્માણ હેઠળ રહેલી બે ઈમારતો ધરાશાયી

## ત્રણના મોત : એનડીઆરએફ, પોલીસ તેમજ ફાયર દ્વારા બચાવ અને રાહત કામગીરી : મેજિસ્ટ્રેરિયલ તપાસનો આદેશ કરાયો

નોઈડા,તા. ૧૮

ગ્રેટર નોઈડા વેસ્ટના શાહબેરી વિસ્તારમાં ગઈકાલે મોડી રાત્રે એક ચાર માળની અને બીજી છ માળની હેઠળ હજુ પણ કેટલાક લોકો ફસાયેલા છે. બચાવ અને રાહત કામગીરી હાલમાં ચાલી રહી છે. જિલ્લા વહીવટીતંત્ર અને



ઈમારત ધરાશાયી થવાના કારણે ત્રણ લોકોના મોત થઈ ગયા છે. કાટમાળ એનડીઆરએફની ટીમ બચાવ અને રાહત કામગીરીમાં લાગેલી છે. મોતનો આંકડો વધી શકે છે. ઘટનાસ્થળ પર રહેનાર લોકોએ કહ્યુ છે કે નિર્માણ હેઠળની ઈમારતમાં ૧૫ મજુરોના પરિવારના સભ્યો ફસાયા હોવાના હેવાલ મળ્યા હતા. બીજી ઈમારતમાં છ પરિવારના શિફ્ટ કરવામાં આવ્યા હતા. શાહબેરીમાં ઈમારત ધરાશાયી થવાની ઘટના બાદ લોકોના ટોળા પહોંચીગયા હતા. લોકોને રોકવા માટે બેરિકેટ લગાવી દેવાની ફરજ પડી છે. શાહબેરી મામલેમાં હજુ સુધી ધરપકડ કરવામાં આવેલા ત્રણ લોકો પૈકી એક બિલ્ડર અને બે સાથી છે. અધિકારીઓએ કહ્યુ હતુ કે અહીં પરવાનગી સાથે અઢી ફ્લોર બનાવી શકાય છે પરંતુ પરવાનગી વગર છ માળની ઈમારત બનાવવામાં આવી રહી હતી.

# સૌરાષ્ટ્રમાં ભારે વરસાદથી તારાજી

## વેરાવળમાં છ ઈંચથી વધુ, કલાકોના ગાળામાં જ મેંદરડામાં પાંચ ઈંચ અને કોડિનારમાં ચાર ઈંચ

અમદાવાદ, તા.૧૮

સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદના પરિણામ સ્વરુપે જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલું છે. ચારેબાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાયેલી છે. સૌરાષ્ટ્રમાં અનેક ગામો ટાપુમાં ફેરવાઈ ગયેલા છે. દક્ષિણ ગુજરાતમાં પણ આવી જ હાલત બનેલી છે. હજુ સ્થિતિમાં સુધારો થાય તેવી શક્યતા ઓછી છે. સૌરાષ્ટ્રમાં અવિરત વરસાદનો દોર જારી રહ્યો છે. આજે પણ વેરાવળ, મેંદરડા, કોડિનાર, જામનગર, કેશોદ, ઉના અને કાલાવાડમાં ભારે વરસાદ યથાવતરીતે જારી રહ્યો હતો. તમામ જગ્યાઓએ પાણી ભરાયા હતા. એકબાજુ વેરાવળમાં છ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે જ્યારે મેંદરડામાં પાંચ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે જ્યારે કોડિનારમાં ચાર ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે. જામનગરમાં ૪, કેશોદમાં ૪, ઉનામાં બે, કાલાવાડમાં બે ઈંચ વરસાદ થયો છે. છેલ્લા ૨૪ કલાકની વાત કરવામાં આવે તો અનેક જગ્યાએ ઉલ્લેખનીય વરસાદ થયો છે. દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં ૧૭ ઈંચથી વધુ વરસાદ અને જુનાગઢના માણવદરમાં ૧૧ ઈંચથી વધુ વરસાદ થયો છે. ગુજરાત રાજયમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના પંથકોમાં આજે પણ મેઘરાજાએ તેમની મહેર તો કયાંક કહેર વરસાવવાનું ચાલુ રાખ્યું હતું. આજે પણ ગીરસોમનાથ, જૂનાગઢ, ઉના, કોડિનાર, રાજકોટ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, નવસારી સહિતના પંથકોમાં અતિ ભારે વરસાદ ચાલુ રહ્યો હતો. પોરબંદર પંથકમાં એક જ કલાકમાં નવ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં પૂર જેવા દ્રશ્યો સર્જાયા હતા.



● અનુસંધાન પાના - ૭ પર

# સબરીમાલા મંદિર : મહિલા શ્રદ્ધાળુને તક મળવી જોઈએ

નવીદિલ્હી, તા. ૧૮

દેશની સર્વોચ્ચ અદાલતની બંધારણીય બેંચે કેરળના લોકપ્રિય સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ ઉપર મુકવામાં આવેલા પ્રતિબંધનો વિરોધ કર્યો છે. સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરતા કહ્યું છે કે, પુરુષોની જેમ જ મહિલાઓને પણ સબરીમાલા મંદિરમાં પ્રવેશ મળે તે જરૂરી છે. મહિલાઓ પણ પ્રવેશ માટે હકદાર છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ દિપક મિશ્રાએ કહ્યું છે કે, દેશમાં ખાનગી મંદિર માટે કોઈપણ પ્રકારના સિદ્ધાંતો નથી. મંદિર કોઈ પ્રાઈવેટ સંપત્તિ નથી. આ જાહેર સ્થળ છે. આવા જાહેર સ્થળો ઉપર જો પુરુષ જઈ શકે છે તો મહિલાઓ પણ જઈ શકે છે. મહિલાઓને પણ પ્રવેશની મંજુરી મળવી જોઈએ. સીજેઆઈએ કહ્યું છે કે, મંદિર ખુલે છે તો તેમાં કોઈપણ શ્રદ્ધાળુ જઈ શકે છે. કોઈપણ આધાર પર કોઈના પ્રવેસ ઉપર પ્રતિબંધ મુકી શકાય નથી. આ બંધારણની ભાવનાની વિરુદ્ધમાં છે. બીજી બાજુ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે કહ્યું છે કે, બંધારણની કલમ ૨૫ હેઠળ તમામ નાગરિક કોઈપણ ધર્મની પ્રેક્ટિસ અથવા તો પ્રસાર કરવા માટે સ્વતંત્ર છે.

# હિમાચલમાં મિગ તુટી પડતા પાયલોટનું મોત

## પાયલોટનો મૃતદેહ મળી આવ્યો



શિમલા,તા. ૧૮

ભારતીય હવાઈદળને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે, હિમાચલ પ્રદેશના એક ગામમાં મિગ-૨૧ ફાઈટર જેટ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું. વિમાન દુર્ઘટનાગ્રસ્ત થવાના સમાચાર મળ્યા બાદ વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. જો કે, બનાવમાં તપાસ કરવામાં આવતા મોડેથી પાયલોટનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની તપાસ માટે કોર્ટ ઓફ ઈન્કવાયરીનો આદેશ કરી દેવામાં આવ્યો છે. જેટ પંજાબના પઠાણકોટથી રુટિન ઉડાણ પર હતું. હિમાચલના કાંગરા જિલ્લામાં આશરે ૧.૩૦ વાગે આ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું. દુર્ઘટનાના કારણો હજુ જાણી શકાયા નથી. ઘટના અંગે માહિતી મળતાની સાથે જ કાંગરા જિલ્લા વહીવટીતંત્રએ તપાસ હાથ ધરી હતી. પાયલોટનો મૃતદેહ મળી આવ્યા બાદ તપાસ ચાલી રહી છે. એરફોર્સ દ્વારા પણ તપાસનો હુકમ કરાયો છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

STOCK & SHARES MARKET LEADER
REQUIRED STAFF FOR NEW BRANCHES
•Equity Dealer •Tele Caller
•Office Executive •Office Boy
Attractive Salary+Incentive+Petrol
bestboi123@gmail.com
99747 03401

**GANDHINAGAR ELECTRONICS ZONE INDUSTRIES ACCOCIATION**

B=23/2/1&2, GIDC, ELECTRONICS ESTATE, SECTOR-25, GANDHINAGAR-382024 GUJRAT, INDIA.
PH.(079)23287130,23287230 E-mail : geziaonline@gmail.com Website : geziaonline.org

**TENDER NOTICE 2018-19**

(Notice Inviting Tenders GEZIA/001/ 2018-19)

**GANDHINAGAR ELECTRONICS ZONE INDUSTRIES ASSOCIATION**

Tenders for the following work for GEZIA is invited by the Secretary (GEZIA), Plot No-B-23/2/1&2, Electronics Estate, GIDC, Sector-25, Gandhinagar. The given work tenders invited through two bid system and shall be opened on Date:06/08/2018 at 3.00 pm hrs. at the GEZIA office.

**Name of Work** Purchase of 82HP 12 Stage Submersible Motor Pump-2 Sets of ISI standard of reputed make and 85 Amp ATS Electrical 1-Panel and 35 mm 3 core copper Cable 75 mtr for GEZIA Bore well.

**GENERAL DETAILS OF WORK**

| | | | |
|---|---|---|---|
| 1 | TENDER FEE (Not refundable)Rs.1000/-+GST 18% | | Rs. 1180/- |
| 2 | EMD ( Earnest Money Deposit ) | | Rs. 15000/- DD of Nationalize Bank |
| 3 | Date of Publishing Advertisement of Tender | | 19/07/2018 |
| 4 | Due Date for Collecting Blank Tender Document | | 25/07/2018 to 03/08/2018 , Time 9.00a.m.to.5.00p.m during working days |
| 5 | Due Date for Submitting Filled Tender Document | | 03/08/2018 up to 5.00 pm |
| 6 | Address of Collecting & Submitting the Tender | | “GEZIA” Plot No-B-23/2/1&2, Ele. Estate, Sector-25, GIDC,Gandhinagar. |

Note: Bidders who are interested bidding this can collect tender documents from GEZIA office by paying non-refundable tender fee of Rs.1180/- by Cash,

For GEZIA
Secretary